# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-05-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા રાજ્યમાં આવતીકાલે 19 સ્થળ પર મોકડ્રીલ - મુખ્યમંત્રીના નિવાસસ્થાને બેઠક યોજાઈ

2) વક્ફ મિલકતોને ભાડે આપવાના કૌભાંડ મામલે અમદાવાદમાં 10 સ્થળ પર E.D.ના દરોડા

3) અમદાવાદ હવાઈમથક પર 12 કરોડથી વધુની કિંમતનો કેફી પદાર્થનો જથ્થો પકડાયો

4) રાજ્યભરમાં સતત બીજા દિવસે માવઠાંનાં અહેવાલ, આગામી 10 મે સુધી ગાજવીજ સાથે વરસાદની આગાહી

5) IPL-માં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો

-----------------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MOCKDRILL BETHAK

ગૃહ મંત્રાલયના નિર્દેશ મુજબ , નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા રાજ્યમાં આવતીકાલે 19 સ્થળ પર મોકડ્રીલ યોજાશે. સત્તાવાર યાદી મુજબ , આવતીકાલે અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, જામનગર, ભુજ, ભાવનગર, કંડલા, નલિયા, અંકલેશ્વર, ઓખા, વાડીનાર, ભરૂચ, ડાંગ, કચ્છ, મહેસાણા, નર્મદા, નવસારી અને કાકરાપાર ખાતે મોકડ્રીલ યોજાશે. દરમિયાન હુમલા સમયે પોતાનો બચાવ કઈ રીતે કરવો તે માટેની તાલીમ અપાશે. તેમજ હવાઈ હુમલાની ચેતવણી આપતા સાયરન વગાડવામાં આવશે. ઉપરાંક મોકડ્રીલ દરમિયાન બ્લેકઆઉટ પણ કરાશે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં સૂચિત એક્શન પ્લાનની સમીક્ષા કરવામાં આવી. બીજી તરફ મોકડ્રીલને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને પણ આજે મહત્વની બેઠક યોજાઈ , જેમાં મુખ્ય સચિવ પંકજ જોષી , રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય અને નાગરિક સંરક્ષણના D.G. ઉપસ્થિત રહ્યા. દરમિયાન 20 જિલ્લાના કલેક્ટર અને અધિકારીઓ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

. . . . . . . . . . . .

# AMDAVAD ED RAID

પ્રવર્તન નિદેશાલય - E.D.એ વક્ફ મિલકતોને ભાડે આપવાના 100 કરોડનાં કથીત કૌભાંડ મામલે આજે અમદાવાદમાં દરોડા પાડ્યા. વક્ફ બૉર્ડની જગ્યા પર કબજો કરી ગેરકાયદેસર દબાણ કરનારા સલીમ જુમ્માખાન પઠાણના ઘર સહિત 10 જેટલા સ્થળ પર E.D.એ તપાસ હાથ ધરી. સલીમ પઠાણ સામે અગાઉ ગાયકવાડ હવેલી પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાઈ છે. આ અંગે A.C.P. વાણી દૂધાતે વધુ માહિતી આપી.

**(બાઈટઃ વાણી દૂધાત, A.C.P.)**

. . . . . . . . . . . . .

# AMDAVAD DRUGS

અમદાવાદ આંતર-રાષ્ટ્રીય હવાઈમથક પર આજે 12 કિલો 56 ગ્રામ જેટલો કેફી પદાર્થ પકડાયો. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે , હવાઈમથક પર બેંગકોકથી આવતા ત્રણ ભારતીય પ્રવાસીના સામાનની એર ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા ચકાસણી કરાતા કેફી પદાર્થના 24 પેકેટ મળી આવ્યા હતા. તેની આંતર-રાષ્ટ્રીય કિંમત 12 કરોડ 56 લાખ રૂપિયા જેટલી થાય છે. પકડાયેલા પ્રવાસીઓ સામે કાયદા મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી અને હવે તેમને પોલીસને સોંપવામાં આવશે.

. . . . . . . . . . . . .

# GAMTAL NIYAM FERFAR

રાજ્ય સરકાર દ્વારા ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણ આપવાની નીતિના નિયમોમાં ત્રણ ફેરફાર કરાયા છે. સત્તાવાર યાદી મુજબ , ગામતળની બહાર અથવા વાડી વિસ્તારમાં વસવાટ કરતાં લોકોને પણ 24 કલાક પૂરતી વીજળી મેળવી શકે તે માટે આ સુધારા કરાયા છે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

*(રાજ્ય સરકારે કરેલા ફેરફાર અંગે ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું , આ નિર્ણય બાદ ગામતળની બહાર રહેતા પરિવારોને હવેથી છ કિલોવૉટ સુધીનું સિંગલ ફેઝ વીજ જોડાણ માત્ર ફિક્સ ચાર્જ ભરીને મળશે. ગામતળની બહાર આવેલા સરકારના જાહેર એકમ અને વિવિધ એકમને અપાતા નવા વીજ જોડાણ માટે હવેથી માત્ર કિલોવૉટ આધારિક ફિક્સ ચાર્જ જ ભરવો પડશે. આ ઉપરાંત ગામતળની બહાર બિન-આદિવાસી વિસ્તારમાં હવેથી 10 મકાનમાં જૂથને પણ જ્યોતિગ્રામ ફિડરમાંથી વીજ જોડાણ અપાશે.)*

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ

. . . . . . . . . . . . .

# GOVERNOR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં પાલનપુરની કર્ણાવતી હાઈસ્કૂલ ખાતે મહાતપસ્વી આચાર્ય મહાશ્રમણજીનો ૬૪ મો જન્મદિવસ ઉજવાયો.

આ પ્રસંગે આચાર્ય દેવવ્રતએ જણાવ્યું કે , માનવ જીવનમાં અહિંસા , સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, કરુણા, વગેરે ગુણો સાથેના જીવનને સાર્થક જીવન કહેવાય. તેમણે મહાતપસ્વી આચાર્ય મહાશ્રમણજીને જન્મદિવસની શુભકામના પાઠવીને રાજ્યની સુખાકારી માટેના આશીર્વાદ મેળવ્યા હતા

. . . . . . . . . . . . .

# SURAT AAG

સુરતના અઠવાગેટ નજીક આવેલી મિશન હોસ્પિટલમાં આગનો બનાવ બન્યો છે. અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે , આગની ઘટનાને પગલે અગ્નિશમન દળ ઘટના સ્થળે પહોંચ્યું છે. હોસ્પિટલમાં રહેલા દર્દીઓને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# STATE RAIN OVERALL-1

હવામાન વિભાગની આગાહી મુજબ , આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પવન સાથે કમોસમી વરસાદ થયાના અહેવાલ છે.

આજે સાંજે 6 વાગ્યા સુધીમાં 77 તાલુકામાં વરસાદ નોંધાયો. દરમિયાન સૌથી વધુ સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વરસ્યો છે. ગઈકાલથી શરૂ થયેલા માવઠાના કારણે રાજ્યમાં અત્યાર સુધી 14 લોકોના અને 26 પશુઓના મોત થયા છે. જ્યારે 16 લોકો ઈજાગ્રસ્ત અને સાત મકાનને નુકસાનના અહેવાલ છે.

તાપીમાં સતત બીજા દિવસે ભારે પવન અને કડાકા સાથે વરસાદ વરસ્યો. આજે બપોર સુધી વ્યારા, સોનગઢ નગર સહિત જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થતા ખેડૂતોમાં ચિંતા જોવા મળી. જોકે, હાલમાં ખેતરમાં ઉભા શેરડી, ઉનાળુ ડાંગર, તલ સહિત શાકભાજી પાકને કોઈ નુકસાન નથી થયું.

નવસારીમાં વરસાદના કારણે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMC યાર્ડ દ્વારા કેરીની હરાજી બંધ કરવામાં આવી છે.

વલસાડમાં વરસાદ વરસતા કેરી પકવતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. આ અંગે એક ખેડૂતે પ્રતિક્રિયા આપી.

## (બાઈટ – મનમોહન પટેલ, ખેડૂત)

ડાંગ જિલ્લામાં બપોર બાદ ભારે પવન અને વીજળીના કડાકા સાથે થયેલા વરસાદના કારણે ડુંગળી સહિતના પાકને નુકસાન થયું છે.

ભરૂચ જિલ્લામાં 25થી વધુ કિલોમીટરની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ જનજીવન પર માઠી અસર કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં અનેક ઘરના પતરા ઉડી ગયા તો મોટા મોટા હોર્ડિંગ્સ અને બાંધકામ માટે લગાવેલા શેડને પણ નુકસાન થયું છે...1

# STATE RAIN OVERALL-2

મહીસાગર જિલ્લામાં વરસાદ અને વાવાઝોડાના કારણે 663 ગામમાં વીજ પૂરવઠો ખોરવાયો. હાલમાં 643 ગામમાં વીજ પૂરવઠો પૂર્વવત્ કરાયો છે. જ્યારે બાકીના 20 ગામમાં કામ ચાલી રહ્યું છે.

ખેડા જિલ્લામાં ગઈકાલે ભારે પવન સાથે આવેલા વાવાઝોડાના કારણે મોટું નુકસાન થયું. અનેક વૃક્ષ ધરાશાયી થયા. તેમજ કેટલીક જગ્યાએ વીજ થાંભલા પડી જતાં વીજ પૂરવઠો ખોરવાયો હતો. દરમિયાન મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ- MGVCLની ઇમરજન્સી ટીમે રાત્રે વીજ પૂરવઠો પૂર્વવત્ કરવાનો પ્રયાસ કર્યો હતો.

અમરેલી જિલ્લાના રાજુલા , ખાંભા અને સાવરકુંડલામાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. જ્યારે લિલિયામાં કરા સાથે વરસાદ વરસ્યો છે. દરમિયાન રાજુલામાં બીડી કામદાર વિસ્તારમાં વીજ વાયર તૂટતાં એક પશુનું મોત નીપજ્યું છે.

ભાવનગરના ગારિયાધારમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા ધોધમાર વરસાદ વરસ્યો. તેના કારણે અનેક માર્ગ પર પાણી ભરાઈ ગયા.

રાજકોટમાં સતત બીજા દિવસે પણ ભર ઉનાળે અષાઢી માહોલ જોવા મળતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

કચ્છમાં પણ અનેક સ્થળ પર ભર-ઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો.

સુરેન્દ્રનગર જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદ સાથે કરા પણ પડ્યા હોવાના અહેવાલ મળેલ છે. આ માવઠાને પરિણામે ખેડૂતોમાં બાગાયતી પાક અને ઉનાળું પાકને નુકસાન થવાની ભીતિ સેવાઇ રહી છે. ત્યારે ખેતી વાડી વિભાગ દ્વારા ખેડૂતોને જરૂરી સાવચેતી રાખવાનું જણાવાયું છે.

આ વિષે વધુ માહિતી આપી રહ્યા છે ડિઝાસ્ટર મામલતદાર મયુર દવે....

**(બાઇટ – મયૂરભાઈ દવે , ડિઝાસ્ટર મામલતદાર સુરેન્દ્રનગર)**

. . . . . .

# Weather Forecast

રાજ્યમાં આગામી 10 મે સુધી ગાજવીજ સાથે  કમોસમી વરસાદની આગાહી છે. ભાવનગર , અમરેલી, સુરત અને ભરૂચમાં  આજે ભારે વરસાદ સાથે પવનને લઈ રૅડ અલર્ટ જાહેર કરાયું છે. જ્યારે આગામી ત્રણથી ચાર દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાઈ શકે છે એમ હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટઃ ડૉ. એ. કે. દાસ)

દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

. . . . . . . . . . . . .

# IPL-CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટ આજે મુંબઈ ઇન્ડિયન્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મૅચ રમાશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાનારી મૅચમાં ગુજરાત ટાઈટન્સે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. મુંબઈ ઇન્ડિયન્સની ટીમ હાર્દિક પંડ્યા અને ગુજરાત ટાઈટન્સની ટીમ શુબમન ગિલના સુકાની હેઠળ રમશે.

. . . . . . . . . . . . . .

# GIFT CITY CAMPUS

શિક્ષણ મંત્રાલય દ્વારા ગાંધીનગરમાં આવેલા ગિફ્ટ સિટી ખાતે નવી દિલ્હીના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ- I.I.F.T. પરિસર ઑફ- કેમ્પસને સ્થાપનવાની મંજૂરી આપવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ , ગિફ્ટ સિટી સંકુલમાં નિર્માણ પામનારા આ પરિસરનો મુખ્ય MBA આંતર-રાષ્ટ્રીય વેપાર કાર્યક્રમ તેમજ આંતર-રાષ્ટ્રીય વેપાર અને સંબંધિત ક્ષેત્રમાં વિશિષ્ટ ટૂંકા ગાળાના તાલીમ અભ્યાસક્રમ અને સંશોધન પ્રદાન કરશે.

તેમજ આ કેન્દ્ર દેશના વ્યવસાય શિક્ષણ ઇકો-સિસ્ટમને મજબૂત બનાવશે અને નિકાસ આધારિત વિકાસને સમર્થન આપશે.

. . . . . . . . . . . . .

# SWAGAT FARIYAAD - AHMEDABAD

અમદાવાદ જિલ્લામાં 21 મે ના રોજ તાલુકા કક્ષાએ તેમજ 22 મે ના રોજ જિલ્લા કક્ષાએ 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ' યોજાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા અરજદારોએ પોતાના પ્રશ્નો તારીખ 9 મે સુધીમાં જિલ્લા કલેક્ટરને મોકલી આપવાના રહેશે. લોક ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે દર મહિને 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજવામાં આવે છે.

. . . . . . . . . . . . .